
GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



Make Safety Your Top Priority

Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ આઠમ ગુરુવાર ૬ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૩

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦


# મહિલા અનામત અને સીમાંકન માટે સરકારનો નવો દાવ

**2029 પહેલાં લોકસભાની બેઠકો 816 કરવાની તૈયારી**

**2029થી 33% મહિલા અનામત માટે બંધારણીય સુધારા બિલ લાવવા કોંગ્રેસ સહિત વિવિધ પક્ષો સાથે સરકારની મેરેથોન ચર્ચા**

**દક્ષિણના રાજ્યોની ચિંતા દૂર કરવા બિલમાં ફેરફારની તૈયારી, રાહુલ ગાંધી સાથે રિજિજુની 50 મિનિટ બેઠક**

**નવી દિલ્હી, તા. 5 (PTI):** કેન્દ્ર સરકારે 2029ની લોકસભા ચૂંટણી પહેલાં સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને 33 ટકા અનામતનો અમલ કરવા તેમજ લોકસભાની બેઠકો 543થી વધારીને 816 કરવા માટે મતવિસ્તારોના સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ પસાર કરાવવા નવી કવાયત શરૂ કરી છે. આ માટે સરકારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ ઉપરાંત એનડીએના સાથી પક્ષો અને અન્ય વિરોધ પક્ષોનો ટેકો મેળવવાના પ્રયાસો તેજ કર્યા છે.

સરકારની આ પહેલ લગભગ ચાર મહિના પહેલાં થયેલા નિષ્ફળ પ્રયાસ બાદ ફરી શરૂ કરવામાં આવી છે.

...અનુસંધાન પાના 5 પર

### મહિલા અનામત-સીમાંકન બિલ માટે વિશેષ સત્રનો કોઈ પ્રસ્તાવ નહીં: સરકાર

**નવી દિલ્હી.** મહિલા અનામત અને સીમાંકન બિલને લઈને 16થી 18 ઓગસ્ટ દરમિયાન સંસદનું વિશેષ સત્ર બોલાવવાની અટકળો વચ્ચે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ બુધવારે સ્પષ્ટ કર્યું કે આવા કોઈ વિશેષ સત્રનો સરકાર પાસે હાલ પ્રસ્તાવ નથી. તેમણે જણાવ્યું કે જો સરકાર સીમાંકન બિલ ફરી રજૂ કરવાનો નિર્ણય લેશે તો તે ચાલુ ચોમાસુ સત્રમાં જ કરવામાં આવશે, કારણ કે સત્ર પૂર્ણ થવામાં હજુ એક સપ્તાહ બાકી છે. સરકાર 2029થી લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓને 33 ટકા અનામતનો અમલ તથા લોકસભાની બેઠકો 543થી વધારીને 816 કરવા

...અનુસંધાન પાના 5 પર



■ હરિદ્વારના હર કી પૌડી ખાતે 'કાવડ યાત્રા' દરમિયાન શ્રાવણ મહિનામાં પવિત્ર ગંગાજળ ભરી રહેલા 'કાવડિયાઓ'. ઉત્તર ભારતભરમાં શરૂ થયેલી કાવડ યાત્રા ૨૦૨૬માં હજારો શ્રદ્ધાળુઓ ગંગાજળ લઈને વિવિધ શિવમંદિરોમાં જળાભિષેક કરવા માટે પગપાળા રવાના થઈ રહ્યા છે.

## ગુજરાતમાં એનાલોગ પનીર, ચીઝ અને બટરના ઉત્પાદન-વેચાણ પર પ્રતિબંધ

**એનાલોગથી ગ્રાહકો ગેરમાર્ગે દોરાતા હતા અને અસલી ડેરી ઉત્પાદકોને નુકસાન થતું હતું**

**ગાંધીનગર:** જાહેર આરોગ્યની સુરક્ષા અને ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીને સરકારે સમગ્ર રાજ્યમાં ધારા-ધોરણો વગરના એનાલોગ પનીર (Analogue Paneer), એનાલોગ ચીઝ અને એનાલોગ બટરના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે.

ગુજરાત દેશનું અગ્રણી ડેરી રાજ્ય છે અને લાખો દૂધ ઉત્પાદક ખેડૂતોની મહેનતથી ગ્રાહકો સુધી ગુણવત્તાયુક્ત દૂધ અને દૂધમાંથી બનતા ઉત્પાદનો પહોંચે છે. જોકે છેલ્લા કેટલાક સમયથી બજારમાં પનીર જેવા દેખાતા પરંતુ દૂધના બદલે વનસ્પતિ તેલ અને અન્ય બિન-ડેરી ઘટકોમાંથી તૈયાર કરાયેલા ઉત્પાદનો વેચાતા હોવાના કિસ્સાઓ સામે આવ્યા હતા, જેના કારણે ગ્રાહકો ગેરમાર્ગે દોરાતા હતા અને અસલી ડેરી ઉત્પાદકોને પણ નુકસાન થતું હતું. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં હાથ ધરાયેલા સેમ્પલિંગ અને લેબોરેટરી પરીક્ષણ દરમિયાન આવા બિન-ધોરણીકૃત ઉત્પાદનો મળી આવ્યા બાદ સરકારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-2006 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ નિર્ણય લીધો છે. આ પ્રતિબંધનો મુખ્ય હેતુ ગ્રાહકોને ભ્રમિત કરતી પ્રવૃત્તિઓ અટકાવવાનો, જાહેર આરોગ્યનું રક્ષણ કરવાનો અને ડેરી ઉદ્યોગના હિતોની સુરક્ષા કરવાનો છે. પ્રતિબંધનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ અથવા ફૂડ બિઝનેસ ઓપરેટર સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-2006 હેઠળ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### દિલ્હી ડાયરી



**કેરળના સાંસદો પ્રત્યે રાહુલ ગાંધીનો પક્ષપાત**

જ્યારે નેતાઓ કોઈ ચોક્કસ રાજ્યના પાર્ટીના સભ્યો કે સાંસદો પ્રત્યે પોતાની પસંદગી દર્શાવવાનું શરૂ કરે છે, ત્યારે તે ગંભીર અને ખતરનાક પરિણામોથી ભરેલું હોય છે. સ્વાભાવિક રીતે, તે અન્ય લોકોને નારાજ કરી શકે છે. જોકે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી કેરળના કોંગ્રેસ સાંસદો પર ખરેખર ગર્વ અનુભવતા હોય તેવું લાગે છે અને તેઓ તે છુપાવતા પણ નથી. આ સમજવું પણ સ્વાભાવિક છે, કારણ કે જ્યારે અમેઠીના લોકોએ તેમને હરાવ્યા હતા ત્યારે કેરળના વાયનાડ મતક્ષેત્રના લોકોએ જ તેમને ચૂંટીને લોકસભામાં મોકલ્યા હતા. તેથી આ ખાસ લગાવ છે!જંતર-મંતર પર જેન-ઝીના વિરોધ પ્રદર્શન પર દિલ્હી પોલીસ અને સીઆરપીએફની બર્બર કાર્યવાહી અંગે ગૃહમંત્રી અમિત શાહ હાજર રહીને નિવેદન આપે તેવી માંગ સાથે વિરોધ પક્ષના સાંસદોના હંગામા બાદ સોમવારે જ્યારે લોકસભા સ્થગિત કરવામાં આવી હતી ત્યારે ગાંધી કેરળના કોંગ્રેસ સાંસદોથી ઘેરાયેલા જોવા મળ્યા હતા. તેમણે કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (પીસીસી)ના પૂર્વ પ્રમુખ અને કન્નુરના સાંસદ કે. સુધાકરનને 'કન્નુરના સિંહ' તરીકે ઓળખાવ્યા હતા. આ ઉત્તરી કેરળમાં કમ્યુનિસ્ટો

...અનુસંધાન પાના 5 પર

## આરબીઆઈએ વ્યાજ દર 5.25 ટકા પર યથાવત રાખ્યા

**ફુગાવાને 4 ટકાના લક્ષ્યાંકે લાવવા RBI મક્કમ**

**નાના મૂલ્યની કરન્સી માટે પોલિમર નોટો ચલણમાં લાવવાનું લક્ષ્ય**

**મોંઘવારી અને વૈશ્વિક તણાવ વચ્ચે જીડીપી વિકાસનો અંદાજ વધારીને 6.7 ટકા કરાયો**

**પશ્ચિમ એશિયાના સંકટ અને અલ નીનોના જોખમ અંગે ગવર્નરે વ્યક્ત કરી ચિંતા**



**મુંબઈ, તા. 5 (PTI):** રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ બુધવારે સતત ચોથી સમીક્ષા બેઠકમાં બેંચમાર્ક પોલિસી રેટ (રેપો રેટ)માં કોઈ ફેરફાર ન કરીને તેને 5.25 ટકા પર યથાવત રાખ્યો છે. ગવર્નર સંજય મલ્હોત્રાના જણાવાયા અનુસાર આર્થિક નીતિનું વલણ પણ 'ન્યુટ્રલ' રાખવામાં આવ્યું છે.

તેમણે સ્પષ્ટ કર્યું કે વ્યાજદરો અને નીતિ અંગેનો આગામી નિર્ણય મેળવાતા આંકડાઓ પર આધારિત રહેશે અને મધ્યમ ગાળામાં ફુગાવા (મોંઘવારી)ને 4 ટકાના લક્ષ્યાંક સુધી લાવવાનો કેન્દ્રીય બેંકનો મુખ્ય ધ્યેય છે. છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC)એ દરો યથાવત રાખવા માટે સર્વસંમતિથી મત આપ્યો હતો અને પશ્ચિમ એશિયા કટોકટીના પગલે ઊંચા ઊર્જા ખર્ચ વ્યાપક ફુગાવાના દબાણને વધારે છે કે કેમ તે અંગે વધુ સ્પષ્ટતા માટે રાહ જોવાનું પસંદ કર્યું.

આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી (GDP) વિકાસ દરનો અંદાજ સહેજ વધારીને 6.7 ટકા કર્યો છે, જ્યારે ફુગાવાનો અંદાજ ઘટાડીને 5 ટકા કર્યો છે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતનો આર્થિક વિકાસ મજબૂત સ્થાનિક માગ અને સેવા ક્ષેત્રના જોરે સ્થિર રહ્યો છે. જોકે, ગવર્નરે ચેતવણી આપી હતી કે અલ નીનોની અસર, ચોમાસું અને ભૂ-રાજનૈતિક તણાવને કારણે આર્થિક દ્રષ્ટિકોણ અનિશ્ચિત રહી શકે છે.

વિદેશથી વિપુલ પ્રમાણમાં ભંડોળ આવ્યા છતાં રૂપિયો ધાર્યા મુજબ મજબૂત ન થયો હોવા પર ધ્યાન

...અનુસંધાન પાના 5 પર

## મોદીનો વીડિયો હટાવવા અને અન્ય મુદ્દે માર્ક ઝુકરબર્ગે માફી માગી

**ચાઇલ્ડ એબ્યુઝ મટિરિયલ મુદ્દે કેન્દ્ર સરકારના સમન્સ બાદ મેટાની ગ્લોબલ ટીમ દિલ્હી દોડી આવી**

**સરકારે સ્પષ્ટ કહ્યું- 'મેટા હવે મધ્યસ્થી નથી, કાનૂની રક્ષણ નહીં મળે'**

**CSAM અને ડીપફેક મુદ્દે IT મંત્રી અને મેટાની ટીમ વચ્ચે હાઇ-વોલ્ટેજ બેઠક**

**નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ):** મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફેસબુક પોસ્ટને થોડા સમય માટે હટાવવાના મુદ્દે તેમજ ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ કન્ટેન્ટ, ડીપફેક અને મોટી રકમ લઈને ચોક્કસ પ્રકારના કન્ટેન્ટને બૂસ્ટ કરવા જેવી ગંભીર ખામીઓ બદલ માફી માગી છે, એમ કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે અમેરિકાની ટેક કંપની મેટાના ઉચ્ચ અધિકારીઓની બેઠક બાદ બુધવારે સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

ફેસબુક પરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પોઈન્ટ-ટુ-પોઈન્ટ પોસ્ટ હટાવવાના મુદ્દે ભારત સરકાર દ્વારા સમન્સ પાઠવ્યા બાદ બુધવારે મેટાની ગ્લોબલ ટીમ ભાકચ આવી હતી જ્યાં બેઠકો યોજાઈ હતી.

અમેરિકાથી ખાસ ભારત આવેલા મેટાના ગ્લોબલ અફેર્સ હેડ જોએલ કેપલને બેઠક બાદ લેખિત નિવેદનમાં જણાવ્યું કે વડા પ્રધાન મોદીની પોસ્ટ મર્યાદિત કરવાની ભૂલ બદલ તેમણે મંત્રી સમક્ષ મેટા વતી માફી માગી છે.

બેઠક બાદ સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, મેટાએ સ્વીકાર્યું છે કે ગેરકાયદેસર કન્ટેન્ટના પ્રચાર માટે પેઈડ પ્રમોશન કરવામાં આવતું હતું અને ચોક્કસ પ્રેક્ષકો સુધી તે પહોંચાડવામાં આવતું હતું. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ મુદ્દે મેટાને ફરી એકવાર જવાબદારી નિશ્ચિત કરવા માટે બોલાવવામાં આવશે.

સરકારી સૂત્રોએ મેટા ટીમને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે તેઓ મધ્યસ્થી (ઈન્ટરમીડિયરી)ની વ્યાખ્યા હેઠળ આવતા નથી, કારણ કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પોતે નક્કી કરે છે કે કન્ટેન્ટ કોની સુધી પહોંચાડવું. આથી તેમને આઈટી એક્ટ હેઠળ મળતું સેફ હાર્બર રક્ષણ પણ મળવાપાત્ર નથી. વડા પ્રધાન મોદીએ પરીક્ષાના પેપર લીક સામે કડક કાર્યવાહીની ખાતરી આપતો વીડિયો પોસ્ટ કર્યો હતો, જેને ફેસબુકે ટેકનિકલ ખામીનું કારણ આપીને થોડા સમય માટે મર્યાદિત કરી દીધો હતો. સરકારે કંપનીના આ ખુલાસાને અપર્યાપ્ત ગણાવ્યો છે.

આ ઉપરાંત, ઈન્સ્ટાગ્રામ પર



પેઈડ જાહેરાતોમાં ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ (CSAM)ના વિવાદ અંગે પણ સરકારે કડક વલણ અપનાવ્યું છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ માત્ર ટેકનિકલ નિષ્ફળતા નથી પણ 'રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા'નો ગંભીર મુદ્દો છે. સરકારે પ્લેટફોર્મની જવાબદારી નક્કી કરવા માટે આઈટી નિયમોનું કડક પાલન કરવા આદેશ આપ્યો છે.

**બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન રાજકીય ષડયંત્ર હતું: ભારતમાંથી શેખ હસીનાનો ખુલાસો**

## જેલ કે ફાંસીની પરવા નથી, ડિસેમ્બરમાં વતન પરત ફરીશ: શેખ હસીના

**સત્તા માટે નહીં, વિકાસ, બિનસાંપ્રદાયિકતા, ન્યાય અને લોકશાહીની પુન:સ્થાપના માટે પાછી ફરીશ**

**બાંગ્લાદેશમાં ભયનું વાતાવરણ હોવાનો દાવો, આંતરરાષ્ટ્રીય સમુદાયને કરી અપીલ**

**હસીનાએ ભારતને ગણાવ્યું બાંગ્લાદેશનો સાચો મિત્ર**



**નવી દિલ્હી, તા. 5 (PTI):** બાંગ્લાદેશનાં પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ બુધવારે જાહેરાત કરી હતી કે તેઓ ડિસેમ્બરમાં કોઈ પણ સંજોગોમાં પોતાના દેશમાં પરત ફરશે. ધરપકડ કે મૃત્યુદંડનું જોખમ હોવા છતાં બાંગ્લાદેશમાં લોકશાહી અને ન્યાય પુન:સ્થાપિત કરવા માટે

...અનુસંધાન પાના 5 પર

**શેખ હસીનાની પ્રેસ કોન્ફરન્સ બાદ બાંગ્લાદેશમાં બબાલ**

### ક્રિકેટર શાકિબ અલ હસનના ઘર પર પેટ્રોલ બોમ્બ એટેક



ઢાકા/નવી દિલ્હી: બાંગ્લાદેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ દિલ્હીમાં યોજેલી વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપવાના થોડા જ કલાકોમાં, દેશના પૂર્વ કેપ્ટન અને અવામી લીગના પૂર્વ સાંસદ શાકિબ અલ હસનના પૈતૃક ઘર પર હિંસક હુમલો થયો છે. બુધવારે રાત્રે આશરે ૮:૪૫ વાગ્યે માગુરા શહેરના કેશબમોર સ્થિત શાકિબના ઘરે અજ્ઞાત તત્વોએ પેટ્રોલ બોમ્બ ફેંક્યા હતા અને મકાનમાં તોડફોડ કરી હતી. શેખ હસીનાએ ડિસેમ્બરમાં દેશમાં પરત ફરવાની જાહેરાત કરી હતી, જેમાં શાકિબ પણ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયો હતો. આ હુમલા બાદ અવામી લીગે

...અનુસંધાન પાના 5 પર

## ભારત-મ્યાનમાર વચ્ચે જમીન અદલાબદલી પર ચર્ચા

**મણિપુર સરહદના વિવાદિત વિસ્તારની જમીન અદલાબદલીના અહેવાલ વચ્ચે વિદેશ મંત્રાલયે કહ્યું- બંને દેશો વચ્ચે વાતચીત ચાલુ**

**આ પ્રસ્તાવ સામે મણિપુરમાં વિરોધ પણ શરૂ થયો**

**નવી દિલ્હી, તા. 5:** ભારત અને મ્યાનમાર વચ્ચે મણિપુર સરહદના વર્ષોથી વિવાદિત રહેલા કેટલાક વિસ્તારોના નિરાકરણ માટે સંભવિત જમીન અદલાબદલીના પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી છે. વિદેશ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે બંને દેશોની સરહદના કેટલાક વિસ્તારોનું સીમાંકન હજુ બાકી છે અને તેને લઈને દ્વિપક્ષીય ચર્ચા ચાલુ છે. જોકે, જમીનની આપ-લે અંગે કોઈ અંતિમ નિર્ણય લેવાયો હોવાનું કેન્દ્રે સ્પષ્ટ કર્યું નથી.

અમેરિકન મેગેઝિન 'ધ ડિપ્લોમેટ'ના જુલાઈ મહિનાના અહેવાલ મુજબ મણિપુરના ચંદેલ જિલ્લામાં બોર્ડર પિલર નંબર 65થી 68 વચ્ચે અંદાજે 1.4 ચોરસ માઈલ વિસ્તારની અદલાબદલી કરીને સરહદનું સીમાંકન પૂર્ણ કરવાની દરખાસ્ત પર વિચાર થઈ રહ્યો છે. ભારત-મ્યાનમાર વચ્ચે કુલ 1,643 કિમી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ છે, જેમાંથી આશરે 1,472 કિમીનું સીમાંકન થઈ ચૂક્યું છે, જ્યારે લગભગ 171 કિમી વિસ્તાર હજુ વિવાદિત છે.

અહેવાલો અનુસાર, કેન્દ્ર સરકાર ગેરકાયદે ઘૂસણખોરી, બળવાખોરોની અવરજવર અને સરહદી ગુનાઓને રોકવા માટે સમગ્ર સરહદ પર વાડ બાંધવાની યોજના ઝડપથી પૂર્ણ કરવા માગે છે. આ હેતુથી વિવાદિત વિસ્તારોનું સીમાંકન વહેલું પૂર્ણ કરવું જરૂરી માનવામાં આવી રહ્યું છે. 2024માં ભારતે ફ્રી મૂવમેન્ટ રેજીમ પણ સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો, જેના હેઠળ સરહદ નજીક રહેતા આદિવાસી સમુદાયોને મર્યાદિત અંતર સુધી વિઝા વિના અવરજવર કરવાની મંજૂરી હતી.

આ પ્રસ્તાવ સામે મણિપુરમાં વિરોધ પણ શરૂ થયો છે. કો-ઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટિગ્રિટી (COCOMI)એ રાજ્યની એક ઈંચ જમીન પણ મ્યાનમારને સોંપવાનો કોઈ પ્રયાસ સ્વીકાર્ય નહીં હોવાનું જણાવ્યું છે. સંસ્થાએ ચેતવણી આપી છે કે જો લોકોની સંમતિ વિના એવો નિર્ણય લેવામાં આવશે તો વ્યાપક જનઆંદોલન શરૂ કરવામાં આવશે. જોકે, વિદેશ

...અનુસંધાન પાના 5 પર

### તા. ૦૫-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૭૧૨ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૪.૪૩ ફૂટ | આઉટફ્લો ૨૩,૨૪૪ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૮ સે. | ૨૭.૦ સે. | ૮૨% |